# નાની શાળાની મોટી વાતો

છેલ્લા દસ દિવસમાં કેટલીક ઘટનામાં સહભાગી બનવાનું થયું. દરેક ઘટના સીધી રીતે જોતાં સામાન્ય અને નાની લાગે, પણ તેની પાછળનો ઇરાદો પવિત્ર અને પ્રેરણાદાયી છે. નાની પણ મૂલ્યવાન અને પ્રેરણાદાયી ઘટનાઓ ક્યાં અને કેવી બની તે જણાવું તો, બધી જ ઘટના અમદાવાદમાં નાની ગણાતી શાળાઓમાં જ બની. ત્યારે મનમાં થયેલું કે, આ નાની શાળાાે જ શિક્ષણનું પવિત્ર ઝરણું છે. જે શિક્ષણને પવિત્ર રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. નાની ગણાતી આ શાળાઓએ તેમના ગજા કરતાં પણ મોટા કામ કરવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં બે ઘટના બની વાસણા વિસ્તારમાં આવેલ ગણેશ વિદ્યામંદિરમાં. વાત એમ હતી કે, આ શાળાનો વાર્ષિકોત્સવ ટાગોરહોલમાં હતો. આ નિમિત્તે જિલ્લા શિક્ષણાધિકારીને આમંત્રણ પાઠવવામાં આવ્યું. ડી.ઇ.ઓ.શ્રીનો વિશેષ પરિચય જાણતાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ખ્યાલ આવ્યો કે આપણો જે દિવસે કાર્યક્રમ છે તે જ દિવસે ડી.ઇ.ઓ. સાહેબનો જન્મદિવસ પણ છે. બસ પછી તો કાર્યક્રમના આયોજનમાં ફેરફાર થઇ ગયો. સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ નક્કી કર્યું કે કાર્યક્રમની શરૂઆત ડી.ઇ.ઓ. સાહેબના જન્મદિવસની ઉજવણીથી કરવી. બન્યું પણ તે જ રીતે. લગભગ પાંચસો વિદ્યાર્થીઓ, બસો જેટલા વાલી અને પચાસ જેટલા શિક્ષકોની હાજરીમાં ડી.ઇ.ઓ. સાહેબનો જન્મદિવસ તેમણે ભૂતકાળમાં નહીં ઉજવ્યો હોય તેમ ઉજવાયો. આમ જોવા જઇએ તો ઘટના નાની છે, એક વ્યક્તિનો જન્મદિવસ ઉજવાયો છે, જે રીતે અનેક વ્યક્તિના જન્મદિવસ ઉજવાય છે. પણ અહીં વાત જરા જુદી છે, જન્મદિવસ કોનો ઉજવાય છે અને કોણ ઉજવે છે ? ગુજરાતમાં કે ભારતમાં કદાચ આ સૌ પ્રથમ પ્રસંગ હશે કે, વિદ્યાર્થીઓ પોતાના જિલ્લાના શિક્ષણાધિકારીનો જન્મ દિવસ ઉજવે. આવી ઘટના એટલા માટે પવિત્ર છે કે, તેમાં ભારોભાર નિર્દોષતા ભરેલી છે. પ્રેરણાદાયી એટલા માટે છે કે આવી ઘટના વિદ્યાર્થી અને શિક્ષણના વડાને સીધી રીતે જોડે છે, એકબીજાને નજીક ાલવે છે. આ ઘટના નિહાળતો હતો ત્યારે મનમાં વિચાર આવેલા કે અત્યારે જિલ્લા શિક્ષણાધિકારી શું વિચારતા હશે? તેઓના દિલમાં વિદ્યાર્થીઓ માટેની લાગણી, સંવેદનામાં કેવા પરિવર્તનો આવ્યા હશે ? આ ઘટના બન્યા પછી ભવિષ્યમાં કોઇ નિર્ણય લેવામાં આ ઘટના ભાગ ભજવશે કે કેમ ? વગેરે. ત્યારે મનમાં થયેલ કે દરેક જિલ્લા શિક્ષણાધિકારીનો જન્મદિવસ કોઇને કોઇ શાળામાં લાગણીસભર ઉજવવામાં આવે તો બંને પાંખ એકબીજાની નજીક આવશે. અંતે ફાયદો શિક્ષણના પક્ષે જ હશે. બીજી ઘટના તે સમયે જ જોવા મળી. નાની ગણાતી આ શાળાએ વાર્ષિકોત્સવ પાછળ સારી એવી મહેનત કરી હતી અને ખર્ચ પણ સારો એવો કર્યો હતો. દરેક ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોને ઇનામો આપી પ્રોત્સાહિત પણ કર્યા. જે ઘણી બધી શાળામાં જોવા મળે છે. પણ અહીં જે ગમ્યું તે એ હતું કે, આગળ વધુ અભ્યાસ કરી શકે તેવા ચોક્કસ લાયકાત ધરાવનારને સ્કોલરશીપ આપવામાં આવી. જે ખૂબ જ ગમ્યું. શાળા સંચાલકો ધારે તો પૈસા બચાવી શકે, તે પૈસાને પોતાના ગજવા અને ઘર સુધી પહોંચાડીને મોજશોખ કરી શકે. પણ નાની દેખાતી આ શાળાએ એમ ન કરતાં પવિત્ર ઝરણાંને વહેતું રાખવાના પ્રયત્નો કર્યા. આવી નાની પણ કાર્યો થકી મોટી શાળાઓને કારણે જ મોટી ગણાતી અને કૌભાંડોમાં પણ અગ્રેસર રહેતી શાળાને પણ લોકો પવિત્ર સ્થળનો દરજ્જો આપે છે. પરસેવો આવી નાની શાળાઓ પાડે છે અને પૈસા મોટી ગણાતી શાળાઓ ભેગા કરે છે. હકીકતમાં આવી નાની શાળાઓના મોટા કાર્યોમાંથી પ્રેરણા લઇને મોટી ગણાતી શાળાઓએ સાચા અર્થમાં મોટા બનવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ત્રીજી ઘટનાનો સાક્ષી બનવાનું થયું એક હોસ્પીટલમાં. મારા સગાંના આઠ-નવ વર્ષના બાળકના ખબરઅંતર પૂછવા એક હોસ્પીટલમાં જવાનું થયું. ચર્ચા ચાલતી હતી કે, બાળક નિરાશ રહે છે. દવા પીવાની ખૂબ જ આનાકાની કરે છે. નજીકમાં જ આવતી પરીક્ષાની ચિંતા કરે છે. સમજાવવાનો પ્રયત્ન કરવા છતાં સમજતો નથી વગેરે. ચર્ચા ચાલું જ હતી અને એક બહેન આવીને બાળકના નામ સાથે અમને પૂછવા લાગ્યાં. તેમણે જણાવ્યું કે, હું મેમનગર વિસ્તારમાં આવેલી દિવ્યપથ શાળામાંથી આવું છું અને તમારા બાળકની શિક્ષિકા છું. અમને નવાઇ લાગી. મીઠો આવકાર આપ્યો. બાળકને પથારીમાંથી ઊઠાડવા કહ્યું કે, તારા ટીચર આવ્યા છે. બાળક પણ સાશ્ચર્ય ઊભો થયો. ટીચરને પગે લાગવાનો પ્રયત્ન કર્યો. ટીચરે બાળકને ગુલાબનું ફૂલ આપ્યું. બંનેની આંખો એક થઇ. બંનેના મોં પર હાસ્ય. કેટલું સુંદર દૃશ્ય ! જેની મોટાઇ અનુભૂતિથી જ જાણી શકાય. શબ્દોથી વર્ણન શક્ય ન બને. અંતે ટીચર બેઠા સલાહ અને શુભેચ્છા આપી. જે બાળકના મોં પર બે-ત્રણ દિવસથી હાસ્ય ન હતું, જ્યાં માત્ર ઉદાસીનતા હતી ત્યાં લાલી છવાઇ ગઇ. તે દિવસથી બાળકની તબિયતમાં પણ ઝડપથી સુધારો જોવા મળ્યો. મેં શિક્ષિકાબેનને અભિનંદન આપ્યા અને સાથે પ્રશ્ન પણ પૂછયો કે, તમે આ રીતે બિમાર વિદ્યાર્થીઓની ખબર લેવા બધે જ જાવ છો? તેમનો જવાબ હતો કે, જે વિદ્યાર્થી હોસ્પિટલમાં દાખલ થયેલ હોય તેના ખબરઅંતર પૂછવા તેના વર્ગ શિક્ષકે જવું જ, તેવી ભાવના અમારી શાળાની છે. તે માટે શાળા રજા ાને થતો ખર્ચ પણ આપે છે. ત્યારે મનમાં થયું કે, દિવ્યપથ નામની આ શાળા ખરેખર દિવ્ય-ભવ્ય પવિત્ર માર્ગ બતાવે છે. મનોમન તે શાળાને અને પેલા શિત્રિકાબેનને સલામ પણ અપાઇ ગઇ.

બાળકોમાં મૂલ્યોનું સિંચન આવી નાની ગણાતી શાળા જ કરે છે. આવી નાની પણ પવિત્ર શાળાઓમાં ભણેલા વિદ્યાર્થી સાચા માનવી બને છે. તેઓ ભવિષ્યમાં પણ પોતાના સિદ્ધાંતો સ્થાપીને કે નકકી કરીને જીવે છે. લોકોને રાહ બતાવે છે. આવો જ અનુભવ બી.આર.ટી.એસ. બસમાં બેસવા જતો હતો ને થયો. સમય હતો સવારના ૬.૪૦ કલાકનો અને બસસ્ટોપ હતું મેમનગર. ટીકીટબારી પર ટીકીટ લેવા ગયો. સામેથી એક રૂપિયો ખુલ્લો માંગ્યો. જે મારી પાસે ન હતો. મેં ના પાડી. આ વાત કરતાં હતાં ત્યાં જ બસ આવી ગઇ. ટીકીટ આપનાર ભાઇએ કહ્યું કે, તમારી બસ આવી ગઇ છે, ઝડપથી બેસી જાવ, એક રૂપિયો ગમે ત્યારે આપજો. ાહીં વાત માત્ર એક રૂપિયાની નથી. પણ ટીકીટ આપનાર ભાઇની નિષ્ઠા અને મદદ કરવાની ભાવનાની છે. તેણે મૂકેલા વિશ્વાસની છે. આવા સામાજિક મૂલ્યો ધરાવનાર વ્યક્તિને બિરદાવવા જોઇએ અને તેની નિષ્ઠા કે વિશ્વાસને આંચ ન આવે તેની તકેદારી પણ રાખવી જોઇએ. અંતે તે જ દિવસે બપોરના સમયે તે બસસ્ટેન્ડ પર ગયો. ટીકીટ આપનાર ભાઇ જિગ્નેશને એક રૂપિયો આપ્યો. તેના આ કર્મ માટે તેને બિરદાવ્યો પણ ખરો. મનમાં વિચાર પણ આવ્યો કે આ ભાઇ કોઇ નાની ગણાતી પણ મૂલ્યોમાં મોટી શાળામાં જ ભણ્યો હશે. ભાઇ જિગ્નેશે કરેલ વર્તન જેવા વર્તન દરેક વ્યક્તિ કરવા લાગે તો સમાજમાં કે કોર્પોરેટ ક્ષેત્રમાં લોકોમાં એકબીજા માટે વિશ્વાસમાં વધારો થાય, એકબીજાને મદદરૂપ થઇને કામને સરળ બનાવી શકાય. આવા મૂલ્યોનો સમાજમાં પ્રચાર અને પ્રસાર થાય તે પણ શિક્ષણ જ છે.

**dr.ashokpatel@in.com**